# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




**આણંદ મહાનગરપાલિકાએ નિયમો નેવે મુકતા કોમર્શિયલ કોમ્પ્લેક્સ, પાર્ટી પ્લોટ અને ટ્યુશન કલાસીસ સામે કાર્યવાહી કરી**

# આણંદમાં ફાયર એનઓસી ન હોય તેવા 3 પાર્ટી પ્લોટ અને ટ્યુશન કલાસ સીલ

**આણંદના મોટા** કોમર્શિયલ કોમ્પ્લેક્સ, પાર્ટી પ્લોટ અને કોચિંગ ક્લાસીસ ફાયર એનઓસી મેળવી લેવા કમિશનરને તાકિદ

(પ્રતિનિધિ) આણંદ તા.2

આણંદ મહાનગરપાલિકા દ્વારા નિયમો નેવે મુકી પોતાની મનમાની કરતા હોટલ સંચાલકો બાદ હવે પાર્ટી પ્લોટ અને ટ્યુશન કલાસીસના સંચાલકો સામે દંડુકો ઉગામ્યો છે. મહાનગરપાલિકાએ બુધવારના રોજ ફાયર એનઓસી ન હોય તેવા 3 પાર્ટી પ્લોટ અને એક ટ્યુશન કલાસીસને સીલ મારી દીધાં હતાં.

આણંદ મહાનગરપાલિકાના કમિશનર મિલિંદ બાપનાની સૂચના મુજબ મહાનગરપાલિકાની ટીમ દ્વારા બુધવારના રોજ મહાનગરપાલિકાના વિવિધ વિસ્તારોમાં આવેલા કોચિંગ ક્લાસીસ, મોટા કોમર્શિયલ કોમ્પ્લેક્સ અને પાર્ટી પ્લોટ ખાતે ફાયર એનઓસી છે કે કેમ? તેની જરૂરી ચકાસણી કરવામાં આવી હતી. આણંદ મહાનગરપાલિકાની ફાયર વિભાગની ટીમ દ્વારા કરવામાં આવેલી ચકાસણી દરમિયાન વઘાસી રોડ ઉપર આવેલા વિધિ પાર્ટી પ્લોટ, ગણેશ ચોકડી પાસેના પંચવટી પાર્ટી પ્લોટ અને સ્વસ્તિક વાટિકા ખાતે જરૂરી ફાયર એનઓસી ન હોવાને કારણે તાત્કાલિક અસરથી આ ટીમ દ્વારા આ ત્રણેય પાર્ટી પ્લોટ



સીલ કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત આણંદ - વિદ્યાનગર રોડ ઉપર આવેલ સ્માર્ટ બજારની બાજુમાં, પેટ્રોલ પંપની સામે, સિદ્ધ ઈન્સ્ટિટયૂટ કે જે ખાનગી ટ્યુશન ક્લાસીસ ચલાવે છે, જેની ચકાસણી કરતા આ ઈન્સ્ટિટયૂટ ખાતે ફાયર એનઓસી મળી નથી, તેમ જણાવતા આણંદ મહાનગરપાલિકાની ટીમ દ્વારા તાત્કાલિક અસરથી સિદ્ધ ઈન્સ્ટિટ્યૂટને પણ સીલ કરવામાં આવી છે.

આ અંગે મહાનગરપાલિકાના કમિશનર મિલિન્દ બાપનાએ જણાવ્યું હતું કે, આણંદ મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલા તમામ ટ્યુશન ક્લાસીસ, કોચિંગ ક્લાસીસ, મોટા કોમર્શિયલ કોમ્પ્લેક્સ અને પાર્ટી પ્લોટ કે જેમની પાસે ફાયર એનઓસી નથી, જે તાત્કાલિક અસરથી ફાયર એનઓસી મેળવી લેવા જોઈએ. મહાનગરપાલિકાની ફાયર વિભાગની ટીમ દ્વારા ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે, તે મુજબ જે કોચિંગ ક્લાસીસ, પાર્ટી પ્લોટ કે કોમર્શિયલ કોમ્પ્લેક્સ માં ફાયર એનઓસી મેળવેલ નહીં હોય તો તાત્કાલિક અસરથી સીલ કરવામાં આવશે.

---

**નડિયાદમાં મોડી સાંજે નિકળેલી મનપાની ટીમે કાર્યવાહી દેખાડી**

# નડિયાદની ભાગ્યોદય હોટલમાં ગંદકી દેખાતા કાર્યવાહી કરાઈ

**ખુદ મનપા કચેરીની** સામે જ હોટલોના રસોડા ખુલ્લામાં ધમધમી રહ્યા છે.



(પ્રતિનિધિ) નડિયાદ, તા.2

નડિયાદ મહાનગરપાલિકાના સેનેટરી વિભાગ અને આરોગ્ય વિભાગે એકાએક શહેરની એક હોટલમાં તરખાટ મચાવ્યો હતો. એક માત્ર હોટલને ટાર્ગેટ કરી અને 50 હજારનો દંડ ફટકાર્યો છે. ત્યારે સૌથી મહત્વનો પ્રશ્ન એ છે કે, નડિયાદ મનપા હદ વિસ્તારમાં અનેક હોટલોમાં ગેરરીતિ અને અનેક ગંભીર બેદરકારીઓ દાખવે છે, તેવા સંજોગોમાં એક જ હોટલમાં તપાસ કરી અને કાર્યવાહીથી અનેક શંકા-કુશંકા પવર્તી છે.

નડિયાદમાં પીપલગ રોડ પર આવેલી ભાગ્યોદય હોટલમાં ગતરોજ મોડી સાંજે મનપાના મેડીકલ ઓફીસર ઓફ હેલ્થ અને ચીફ સેનેટરી ઈન્સપેક્ટર દ્વારા આકસ્મિક સફાઈ અને અન્ય બાબતોની તપાસ હાથ ધરવામાં આવી હતી. જો કે, આ કામગીરી ખુદ શંકાના દાયરામાં હોવાની ચર્ચાઓ ઉઠી છે. કારણ કે, આ એક જ રોડ પર અનેક હોટલો આવેલી છે. તેવા સમયે માત્ર એક જ હોટલમાં પહોંચી અને મનપા ટીમે તપાસ કરી 50 હજારનો દંડ ફટકાર્યો છે. જેમાં હોટલમાં ખોરાક ખુલ્લામાં રાખવામાં આવતો હોવા ઉપરાંત ગંદકી અને સ્ટાફે હાથમાં ગ્લબ્ઝ કે કેપ પહેરી ન હોવાનું કારણ મનપા ટીમે દર્શાવ્યુ છે. તો કિચનમાં સ્મોક માટે વેન્ટિલેશન ન હોવા ઉપરાંત ફ્રિજમાં ટેમ્પ્રેચર મેઈનટેન ન કર્યુ હોવાનું પણ મપનાએ જણાવ્યુ છે. જે બદલ હોટલ સંચાલકને 50 હજારનો દંડ ફટકાર્યો છે. જો કે, હવે સૌથી મહત્વની બાબત એ છે કે, મનપા કચેરીની બહાર નીકળતા સામે જ અનેક નોનવેજ અને વેજની હોટલો આવેલી છે, જે હોટલોના રસોડા તો ધૂળિયા રોડને બિલકુલ અડોઅડ રાખીને ચલાવાઈ રહ્યા છે. તો આ તરફ કબ્રસ્તાન ચોકડીથી સોશિયલ ક્લબ સુધી પણ જાહેર માર્ગ પર રસોડા ધમધમી રહ્યા છે. આ સિવાય પણ નડિયાદની અનેક હોટલોમાં સફાઈ અને અન્ય બાબતોમાં ભારે લાપરવાહી સ્પષ્ટ દેખાતી હોય છે, તેવા સમયે માત્ર એક જ હોટલમાં કાર્યવાહી કરાતા અનેક શંકાઓ સેવાઈ રહી છે.

---

**ખેડા પોલીસ બાઈકના નંબર પરથી પગેરૂ દબાવતા ટોળકી સુધી પહોંચી**

# મહુધામાં નિવૃત્ત શિક્ષકને બંધક બનાવી લૂંટી લેનારા 5 પકડાયા

**5 ઈસમોએ દેવુ અને** મોજશોખ પુરા કરવા યુવકોએ લૂંટને અંજામ આપ્યો હોવાની કબુલાત

(પ્રતિનિધિ) નડિયાદ, તા.2

મહુધામાં મંગળવારે લૂંટની ચકચારી ઘટના બની હતી. જેમાં મહુધા શહેરના રોહિતવાસમાં રહેતા વૃદ્ધ દંપતીને તેમના ઘરમાં બંધક બનાવી લૂંટારુ ત્રીપુટીએ ચપ્પાની અણીએ રોકડ રૂપિયા સહિત કુલ રૂપિયા 2.13 લાખની લૂંટ ચલાવી હતી.

આ આખા કેસમાં પોલીસે 24 કલાકની અંદર જ ગુનાનું પગેરુ મેળવી લૂંટને અંજામ અપનાર ઈસમો સુધી પહોંચી છે. તપાસમાં ઉતરેલ સ્થાનિક પોલીસની સાથે સાથે જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ અને સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ પોલીસની ટીમોએ અસરકારક કામગીરી કરી સમગ્ર ગુનાનું ડીટેક્શન કર્યું છે. પકડાયેલા આરોપીઓની પ્રાથમિક પુછપરછમાં દેવું અને મોજશોખ પુરા કરવા લૂંટને અંજામ આપ્યો હોવની કબૂલાત પોલીસ સમક્ષ 5 લોકોએ કરી છે. પોલીસે ગુનાની ગંભીરતા સમજી અલગ અલગ ટીમો બનાવી તેમજ આજુબાજુના સીસીટીવી કેમેરા ચેક કરવામાં આવ્યા હતા અને આ પ્રકારના ગુનાઓની શંકાસ્પદ વ્યક્તિઓની યાદી બનાવવામાં આવી હતી. પોલીસે ટેકનીકલ અને હ્યુમન ઈન્ટેલિજનના આધારે અને ઈ ગુજકોપ પોર્ટલના માધ્યમથી એક શંકાસ્પદ મોટરસાયકલને નંબર સર્ચ કરી વાહન માલિકનું નામ અને સરનામું મેળવ્યું હતું. જે ડાયરેક્શનમાં તપાસ આગળ વધરતા મહુધાના રોહિતવાસ વિસ્તાર એટલે કે, જ્યાં જેઠાભાઈરહે છે તે જ વિસ્તારનો કિરીટ બાબુ મકવાણા નામનો યુવાન શકના દાયરામાં આવ્યો હતો. પોલીસે આ યુવાનની પૂછપરછ કરતા તેના અન્ય બે સાગરીતોના નામ દેવ ઉર્ફે દેવો સંજય બારૈયા (રહે.મહુધા) અને હર્ષ ઉર્ફે સન્ની અશોક ગોહિલ (મુળ રહે.મહુધા અને હાલ રહે. મહેમદાવાદ) તેમજ અન્ય બે અમદાવાદના ઈસમો નિલેશ અશ્વિન પરમાર અને પાનવ ભરત તારાજી મળી 5 લોકોએ આ લૂંટને અંજામ આપ્યો હોવાની કબૂલાત કરી હતી. આથી પોલીસે આ પાંચેયની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે લૂંટમાં ગયેલા રોકડા રૂપિયા બે લાખ પાંચ હજાર અને સોનાની વીંટી મળી 2 લાખ 13 હજારનો મુદ્દામાલ રિકવર કર્યો છે. આ ઉપરાંત ગુનાના કામે ઉપયોગમાં લેવાયેલું મોટરસાયકલ પણ કબ્જે કર્યુ છે.

આ અંગે પોલીસ સૂત્રો મુજબ કિરીટ મકવાણાને દેવુ હતું અને અન્ય તેના સહ આરોપીઓને મોજ શોખ કરવા માટે રૂપિયા જોઈતા હોય આ રીતે લૂંટને અંજામ આપ્યો હતો.

આ અંગે પોલીસની તપાસમાં આ લૂંટની ઘટનામાં સૌપ્રથમ અમદાવાદના કે જે આરોપીઓના પરિચયમાં છે તે લોકો ઘરમાં પ્રવેશેલા બાદમાં મહુધાના ત્રણ આરોપીઓ ઘરમાં જઈ ચઢ્યા હતા. આ તમામ આરોપીઓ અંદરોઅંદર પરિચયમાં હતા અને દાદાને પેન્શનના નાણાં આવતા હોવાનું ધ્યાને આવતા આ સમગ્ર લૂંટને અંજામ આપ્યો છે. આ અંગે પોલીસે તમામ મુદ્દામાલ કબજે કરી તમામ આરોપીઓનું બેકગ્રાઉન્ડ તપાસવામાં આવી રહ્યું છે. લૂંટના રૂપિયા આવે તે સરખા ભાગે વહેંચીને પોતાની ઐયાસીઓ અને જરૂરિયાતો પુરી કરવાનો આશય આરોપીઓનો હતો. હાલ પોલીસે રિમાન્ડની તજવીજ હાથ ધરી છે.

## અગાઉની લૂંટ નિષ્ફળ ગઈ હતી

પોલીસના જણાવ્યાનુસાર આ આરોપીઓએ અગાઉ લૂંટના નિષ્ફળ પ્રયાસો છે. જેમાં આરોપીઓ પૈકી કીરીટે આજથી આશરે પંદરેક દીવસ ઉપર અપહરણ કરી લુંટ કરવાનુ આયોજન કરેલ પરંતુ આરોપીના કાકા ન આવતા આયોજન નિષ્ફળ નિવળેલ. આજ દીવસે કિરીટના ફળીયાના દાદા હાલ નડિયાદ મંજીપુરા રહેતા હોય તેઓનુ તેઓના રહેઠાણથી અપહરણ કરી લુંટ કરવાનુ આયોજન કરેલ પરંતુ દાદા ઘરે હાજર ન હોય ઘરને તાળુ મારેલ હોય આયોજન નિષ્ફળ નિવળેલ હતું. તેજ દીવસે ઉત્તરસંડાથી ચેઇન સ્નેચિંગ કરવાનુ આયોજન કરેલ પરંતુ દીવસ દરમ્યાન રેકી કરવા છતા કોઈ મળી આવેલ ન હોય આયોજન નિષ્ફળ નિવળ્યુ હતું.

## 30 માર્ચે રેકી કરી - 1 એપ્રિલે અંજામ આપ્યો

29 માર્ચ 2025ના રોજ આરોપી કિરીટ તથા હર્ષ ઉર્ફે સનીએ પ્લાન કરેલ કે આપડા વિસ્તારમાં રહેતા જેઠાભાઇ એકલા રહે છે. અને તેમની પાસે મોટી રકમ હોય છે. અને બપોરના સમયે કોઇ વ્યક્તિ હાજર હોતુ નથી.જેથી મહુધામાં ગુનાને અંજામ આપવાનુ આયોજન કરેલ અને તમામે એક બીજા સાથે ટેલીફોની તથા રૂબરૂમાં ચર્ચા કર્યા બાદ 30 માર્ચના રોજ દીવસ દરમ્યાન રેકી કરવામાં આવેલ પરંતુ લોકોની બપોરના ટાઇમે અવરજવર ચાલુ હોય આ પ્લાન નિષ્ફળ ગયો હતો. જે બાદ ગતરોજ 1 એપ્રિલના રોજ આ સમગ્ર લૂંટને અંજામ આપ્યો હતો.

---

**આણંદ, ખેડા અને મહિસાગર જિલ્લાની જીવાદોરી કડાણા ડેમમાં નીર ખૂટ્યાં**

# કડાણા ડેમના જળ સ્ત્રોત ઘટતાં ચિંતા

**કડાણા ડેમમાં હાલ** 51 ટકા જેટલો જ પાણી જથ્થો સંગ્રહિત

**ઉનાળામાં સિંચાઇ** અને પીવાનાં પાણીની સમસ્યા સર્જાય તેવી હાલત

(પ્રતિનિધિ) સંતરામપુર તા.2

મહીસાગર જિલ્લાનાં કડાણા તાલુકામાં આવેલા કડાણા ડેમની પાણી સંગ્રહ શક્તિ મહત્તમ 419 ફુટની છે. જે પાણીની સપાટી હાલ ડેમમાં 396 ફુટ 5 ઈંચ છે. આમ કડાણા ડેમમાં પાણીની સપાટી ઘટતી જતી જોવાં મળી રહી છે. કડાણા બંધમાં પાણીની સપાટી ઘટતા સિંચાઈ વિભાગ દ્વારા અગમચેતીના ભાગરૂપે રુપે ડેમમાંથી કાઢેલી સુજલામ સુફલામ્ કેનાલમાં પાણી છોડવાનું બંધ કરેલ છે. જેથી તેની અસર આઠ જીલ્લાને પડેલ છે.

હાલ કડાણા ડેમમાંથી કડાણા જમણા કાંઠાની નહેરમાં 70 ક્યુસેક પાણી છોડવામાં આવે છે.જયારે કડાણા ડાબા કાંઠાની નહેરમાં 300 ક્યુસેક પાણી છોડવામાં આવે છે. વણાકબોરી ડેમમાં પાણી મળી રહે તે માટે કડાણા હાઈડોપાવર પ્રોજેક્ટ માટે ડેમમાંથી 3700 કયુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. જે આ પાણી વીજળી ઉત્પન્ન થયા પછી મહીસાગર નદીમાં વહે છે અને તે પાણી વણાકબોરી ડેમમાં જાય છે. ત્યાંથી આ પાણી ખેડા જિલ્લામાં અપાય છે. કડાણા બંધમાંથી



વિવિધ રીતે પાણી છોડાતા ડેમમાં પાણીની સંગ્રહ શક્તિ માં ભારે ઘટાડો (23.ફુટ) થવા પામેલ છે.ને જેથી કડાણા ડેમમાં હાલ પાણી ની સંગ્રહ શક્તિ પચ્ચાસ ટકા જોવા મળે છે. કડાણાબંધમાંથી પાણી છોડવાનું આ રીતે ચાલુ રહ્યું તો આગામી સમયમાં ઉનાળામાં દાહોદ, મહીસાગર, પંચમહાલ જીલ્લા અને કડાણાનાં પાણી આધારિત કાર્યરત પાણી પુરવઠા યોજના હેઠળ પીવાનું પાણી સમયસર ને પુરતું આપી શકાશે કે કેમ તે અંગે આઠેય જીલ્લામાં ચિંતા પ્રસરી ગઈ છે.

કડાણા ડેમમાં ગત વર્ષની તુલનામાં હાલ પાણી ની સંગ્રહ શક્તિમાં ઘટાડો થયેલ છે.કડાણા ડેમ નાં પાણી આધારિત મહીસાગર ને દાહોદ ને પંચમહાલ જીલ્લાની જે પાણી પુરવઠા યોજના કાર્યરત છે તે યોજનાઓ હેઠળ ડેમ માં સતત ઘટતી પાણી ની સપાટીથી પુરતો પાણી નો જથ્થો નિયમિત આપી શકાશે કે કેમ તે બાબતે પણ મુંઝવણભરી સ્થિતિ સર્જાઈ છે.

ખેડૂતો માટે સિંચાઈ નાં પાણીની ને પીવા નાં પાણીની સમસ્યા ઉદભવે નહીં તે માટે સિંચાઈ વિભાગ દ્વારા આગોતરું આયોજન કરે તે જરૂરી બનવા પામ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આણંદ અને ખેડા જિલ્લામાં ઉનાળુ વાવેતર માટે ખેડૂતો તૈયારી કરી રહ્યાં છે, ત્યારે કડાણામાં પાણીની ઘટથી ચિંતાનો માહોલ પ્રસર્યો છે.

---

# તારાપુરમાં બંધ મકાનમાંથી ₹3.80 લાખની મત્તા ચોરાઈ

**પરિવારજનો ઇદ** ઉજવવા જોડ ગયા અને તસ્કરો ત્રાટક્યાં

(પ્રતિનિધિ) તારાપુર તા.2

તારાપુરના સરવરહોમની પાછળ અલમદીનામાં ત્રાટકેલા તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવી તેમાંથી સોના - ચાંદીના દાગીના સહિત કુલ રૂ.3.80 લાખની મત્તા ચોરી ગયાં હતાં.

તારાપુરના સરવરહોમની પાછળ આવેલા અલમદીનામાં રહેતા રીયાઝમીયાં મહેમુદમીયા સિપાઈમલેક ગેરેજનો વ્યવસાય કરે છે. રીયાઝમીયા 31મી માર્ચના રોજ રાત્રિના પરિવાર સાથે ઈદના તહેવાર નિમિત્તે જોડ ગામે સાસરીમાં ગયાં હતાં. આ સમયે તેમના બંધ મકાન પર તસ્કરોની નજર પડી હતી અને ચોરી કરી હતી. જોકે, રાત્રે રીયાઝમીયા ઘરે આવ્યાં તે સમયે તાળુ ઘરના દરવાજાની આગળ તુટેલી હાલતમાં પડેલું હતું. સ્ટોપર સામાન્ય બંધ હતી. આથી, ઘરનો દરવાજો ખોલી અંદર જોતા સ્ટોર રૂમનો દરવાજો ખુલ્લો હતો. તેમાંથી તિજોરી પણ ખુલ્લી હતી અને સરસામાન બહાર કાઢી અસ્ત વ્યસ્ત વેર વિખેર પડેલો હતો. આ તિજોરીની અંદર લોકમાં રાખેલા મોટા પર્સમાં રહેલી રોકડ રૂ.60 હજાર, ચાંદીની લકી આશરે 150 ગ્રામની જેની જે તે વખતની કિંમત રૂ.પાંચ હજાર તથા તિજોરીના ખાનામાં રાખેલા સવા સાડા ત્રણ ગ્રામની એક જોડ સોનાની કાનની બુટી સહિત કુલ રૂ.3,80,500ની મત્તા શખ્સ ચોરી કરી ગયાં હતાં. આ અંગે રીયાઝમીયાએ તારાપુર પોલીસ મથકે ફરિયાદ આપી હતી.

---

**આણંદ શહેરમાં બપોરે બજારો સૂમસામ, ઠંડા પીણાંનુ ધૂમ વેચાણ**

# આણંદમાં ગરમીનો પ્રકોપ તાપમાન 39 ડિગ્રીએ પહોંચ્યું

**હિટ સ્ટ્રોકના કેસ** વધવાની શક્યતા છે. આગામી બે દિવસ વધુ ઊંચું તાપમાન નોંધાશે

(પ્રતિનિધિ) આણંદ તા 2

આણંદમાં છેલ્લા ચારેક દિવસથી ગરમીનો પ્રકોપ પ્રત્યેક દિવસે વધ્યો છે. આણંદ હવામાન વિભાગના જણાવ્યા મુજબ આણંદનું ફરી વખત તાપમાન 40 ડિગ્રી પાર થઈ જાય તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. છેલ્લા બે દિવસથી મહત્તમ તાપમાન 39 ડિગ્રી સુધી પહોંચ્યું છે. ગરમીના કારણે આણંદ શહેરની તેમજ તાલુકાના બજારો અને રસ્તાઓ સૂમસામ બની ગયા છે.

ગરમીના પ્રકોપ સામે કોલ્ડ ડ્રિંક્સના વ્યવસાયમાં ખુબ તેજી જોવા મળી હોવાનુ વેપારીઓ જણાવી રહ્યા છે, લોકો ઠંડા પીણાં અને લીંબુ શરબતનું સેવન વધુ કરી રહ્યા છે. વિદ્યાર્થીઓ અને રાહદારીઓ આ ગરમીમાં અકળાયા છે. બપોરના સમયે પરત ફરતી વખતે તમામને ગરમીનો સામનો કરવો પડી રહ્યો છે અને ગરમીને લીધે વિદ્યાર્થીનીઓ દુપટ્ટા અથવા ચૂનર સહારો લઈ રહી છે. જ્યારે વયોવૃદ્ધ લોકો ઘટાદાર વૃક્ષો કે શહેરમાં આવેલા વિવિધ વિસ્તારોમાં બગીચામાં આરામ માણતા જોવા મળી રહ્યા છે.

આકરી ગરમીમાં વિદ્યાર્થીઓ અને રાહદારીઓ ગરમીથી વધુ પરેશાન બન્યા છે. ગરમીની આવી પરિસ્થિતિમાં તબીબોએ લોકોને વધુ પાણી પીવા અને આરોગ્ય વર્ધક પ્રવાહી સેવનની સલાહ આપી છે. આગામી એક અઠવાડિયા સુધી ગરમીનો પ્રકોપ જળવાઈ રહેશે. હિટ સ્ટ્રોકના કેસ વધવાની શક્યતા છે. આગામી બે દિવસ દરમિયાન પણ વધુ ઊંચું તાપમાન નોંધાશે. ગરમીના કારણે બજારોમાં મંદીનો માહોલ છે. લોકો બિનજરૂરી બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. આ ઉપરાંત આગામી દિવસોમાં પણ ગરમીનો પારો વધુ ઉંચકાય તેવો મત જાણકારોએ વ્યક્ત કર્યો છે.

---

# દિવ્યાંગ ખેલાડીઓએ વ્હીલચેર પર ક્રિકેટ રમી કૌશલ્ય પ્રદર્શિત કર્યું

**નડિયાદના જે.ડી.** પટેલ ગ્રાઉન્ડમાં યોજાઈ વહીલચેર ક્રિકેટ મેચ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.1

ખેડા જિલ્લાના નડિયાદમાં ડુમરાલ પાસે જે.ડી.પટેલ મેદાનમાં એક અનોખી ક્રિકેટ મેચ યોજાઈ હતી.નેક્સેસ ગ્રૂપ અને અમુલ ડેરીના ચેરમેન વિપુલભાઈ પટેલ તથા ડુમરાલ પ્રીમિયર લીગના જીત પટેલના સહકાર અને સૌઉજન્યથી યોજાયેલી દિવ્યાંગો માટેની વિશેષ ક્રિકેટ મેચમાં ગુજરાત અને ગુજરાત બહારના વિવિધ રાજ્યોના દિવ્યાંગ ક્રિકેટરોએ વહીલચેર પર કુશળતા પૂર્વક ક્રિકેટ મેચ ખેલી પોતાનું અનોખું કૌશલ્ય પ્રદર્શિત કર્યું હતું.

ગુજરાત વહીલચેર ક્રિકેટ ફાઉન્ડેશનના સ્થાપક પ્રમુખ મનીષભાઈ પટેલે જણાવ્યું હતું કે એક ભારત,નેક ભારતની થીમ પર વહીલચેર ક્રિકેટ ખેલાઈ રહી છે.અગાઉ આંતર રાજ્ય અને આંતર રાષ્ટ્રીય સ્તરે પણ દિવ્યાંગો વહીલચેર ક્રિકેટ



રમી ચુક્યા છે.વર્ષ 2025માં અશિયાકપનું પણ આયોજન થવાનું છે.સરદાર પટેલ ટેલેન્ટ ઓન વહીલ અંતર્ગત ભારત એ અને ભારત બી એમ દિવ્યાંગોની બે ટીમ વચ્ચે નડિયાદમાં આ ક્રિકેટ મેચ યોજાઈ હતી જેમાં સામાન્ય ક્રિકેટમેચની જેમ જ બધા નિયમો અનુસાર મેચ રમાઈ હતી.15 ઓવરની આ મેચ રોમાંચક રહી હતી.જેનું ઉત્કૃષ્ટ એમ્પાયરિંગ પણ દિવ્યાંગ યુવાન દ્વારા વહીલચેર પરથી જ કરાયું હતું.

આ મેચ પૂર્વે ઉદ્ઘાટન સમારંભમાં અમુલ ડેરીના ચેરમેન વિપુલભાઈ પટેલ,નેક્સેસ ગ્રૂપના ધર્મેશભાઈ પટેલ, નડિયાદ પાલિકાના પૂર્વ પ્રમુખ છાયાબેન પટેલ,આણંદ પાલિકાના પૂર્વ પટેલ વિજયભાઈ માસ્તર, નડિયાદ પાલિકાના પૂર્વ પ્રમુખ સુરેન્દ્રભાઈ દેસાઈ ,સહકારી અગ્રણી જે.ડી.પટેલવગેરે અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. દિવ્યાંગો માટેની આ બીજી વખત જેડી પટેલ ગ્રાઉન્ડ નડિયાદમાં યોજાઈ હતી. જેમાં વહીલચેર ક્રિકેટ મેચ પ્રથમવાર ખેલાઈ હતી.ઉલ્લેખનિય છે કે અમુલ ડેરીના ચેરમેન વિપુલભાઈ પટેલ અને નેક્સેસ ગ્રૂપના ધર્મેશભાઈ પટેલ દ્વારા વહીલચેર ફૉઉન્ડેશનને રૂ.80 હજારનો અર્પણ કરાયો હતો.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

**આણંદ**
જય એન્ટરપ્રાઈઝ
કિશોર પ્લાઝા,
આણંદ.

**નડિયાદ**
ઈશાન ન્યુઝ પેપર એજન્સી
સાગર ભુવન, ડભાણ
ભાગોળ, નડિયાદ

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
મો. 99250 30225, મો. 99255 50225